નમસ્કાર ગાંધીનગર

પમરાટ

માત્ર મળીએ એટલો સંબંધ છે
દ્વાર ખુલ્લાં છે અને ઘર બંધ છે
કોઈનાં દર્પણમાં દેખાયા નહીં
કોણ જાણે ક્યાં ઋણાનુબંધ છે!

- શ્યામ સાધુ

પાથેય

- રમેશ ઠક્કર

ઋણાનુંબંધ...

જગતમાં સંબંધના તાર સિવાય બાકી બધું નિરાધાર છે...માનવ સંબંધોની એક મજા છે;એ નથી તો જીવન ચોકકસ એક સજા છે..કોઈકનો નિર્વ્યાજ પ્રેમ પ્રાપ્ત થાય એ ઈશ્વરના સાક્ષાત્કાર કરતાં જરા પણ કમ નથી..ગોઠવાયેલા સંબંધો એ ફલાવરવાઝના ફુલો જેવા છે..એમાં નથી સુગંધ કે નથી સહચાર..એ ડ્રોઈંગરૂમના ડેકોરેશન જેવા હોઈ શકે..સાચા સંબંધ વગડાઉ ફુલો જેવા હોય છે..જે સહજતાની ધરતી ઉપર પનપે છે..

દેહની માફક સંબંધોમાં પણ સ્થુળતા આવી જાય છે..ત્યારે એમાં અણગમાનું અદોદળાપણું અનુભવાય છે.. એને આત્મીયતાની એક્સરસાઈઝથી ફીટ રાખવા પડે છે..સંબંધો એ ઝાકળ જેવા હોય છે એવું તમે ઉચ્ચ પદો કે સફળતા પછીના સમયમાં અનુભવી શકો છો..નિષ્ફળતાનો ઓછાયો જયાં દેખાય ત્યાં જ મોટાભાગના સંબંધોનું બાષ્પીભવન થઈ જાય છે..ચંદ્રકાંત બક્ષી ના શબ્દો માં કહીએ તો 'જે હસી ને મળતા હતા એ, હવે મળીને હસે છે...'

સંબંધોના ટકાઉપણા માટે એવું કહેવાય છે કે સમયના આટાપાટા કે ચઢાવઉતાર આ બધા પછી જે ટકે છે એ સંબંધ નું સાચું સ્વરૂપ હોય છે..એનો અર્થ એ થાય કે જયાં સુધી જીવનની તડકીછાંયડીનો અનુભવ ના થાય સંબંધોની માયાજાળ સમજવી મુશ્કેલ હોય છે..મુશ્કેલીઓ કે અડચણો એ જ કદાચ એની કસોટી માટેનો સિલેબસ હોય છે..!

જે માણસ સંબંધને અકબંધ રાખી શકે છે એને બાકી કોઈ પ્રબંધની જરૂર પડતી નથી...માનવ સંબંધો મીણ જેવા મુલાયમ હોય છે. એને ઓગળી જતાં વાર નથી લાગતી...એને ઉષ્માસભર હુંફાળું આવરણ અકબંધ રાખી શકે છે...એની આવી નાજુકતા ને જોઈને જ ઉમાશંકર જોશીએ લખ્યું હશે કે..'માનવીના હૈયાને નંદવાતાં વાર શી?

'સંબંધોની એક આગવી સુવાસ હોય છે...નીતરેલા નીર જેવા સંબંધોની તાજગી અનુપમ હોય છે. એમાં કોઈ વમળ આવી જાય તો કેવું લાગે ?સુરેશ દલાલ ના શબ્દોમાં 'જે સંબંધમાંથી ઉકળેલા પાણીનો સ્વાદ આવવા લાગે એમાં મજા નથી હોતી.. ' સંબંધોમાં હંમેશાં ઉમેરણ હોય છે..પણ આપણે એને ઉલેચવાનો પ્રયત્ન કરીએ છીએ..એટલે એમાં વિચ્છેદ થાય છે.. એ તુટી જાય તો એનું કોઈ રેણ નથી...વર્ષો સુધી એકધારા અકબંધ રહેતા રિલેશન પણ એક અજાયબી જેવા હોય છે...સંબંધ એટલે જતું કરવાની કળા...રિલેશન એટલે સેલ્ફ પ્રમોશન નહીં પણ નિર્દોષ ઈમોશન...અન્ય માટેની ઉદારતા એ સંબંધો ના વિકાસની પુર્વભુમિકા છે...સંબંધોની અનેક પેટર્ન છે...ડિઝાઈન છે..લે આઉટ છે..પણ એનો આત્મા એ કેવળ વિશ્વાસ હોય છે.. મારી ગઝલનો શેર છે..

'આપણો સંબંધ જાણે ખેતરે..
ભીંજવાયેલા સમાંતર ચાસ છે'

કોરોનાનો ચોથો રાઉન્ડ શરૂ થયો છે

કેમ કે કોરોના વાઈરસ કંઈ ગુજરાતી કે હિંદી ભાષા તો સમજે નહીં - બનવાજોગ કે એને એની માતૃભાષા મેન્ડેરીન - (ચાઈનીઝ) આવડતી હોય, પણ આપણે સૌએ તો માનનીય વડાપ્રધાનશ્રીની આજ્ઞાનુસાર એનું ભારતીય પદ્ધતિથી જ ભવ્ય સ્વાગત કરેલું ને ! કોરોના વાઈરસને એમ જ લાગ્યું હશે કે હજારો વર્ષ પૂર્વે લંકાવિજય કરી અયોધ્યા પાછા ફરેલા ભગવાન રામચંદ્રજીનું દીવા પ્રગટાવીને, થાળીઓ અને તાળીઓ વગાડીને કે શંખધ્વનિ કરીને આ ભારતીય પ્રજાએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. એ જ પદ્ધતિથી મને પણ આવકાર અપાઈ રહ્યો છે ! 'ભાગ કોરોના ભાગ' જેવા શબ્દો અને થોડો સમજાયા હશે ? બનવા જોગ કે 'ભાગ'ની જગ્યાએ એણે 'જાગ' સાંભળ્યું હોય! એટલે કોરોના વચ્ચે વચ્ચે થોડો પોરો જરૂર ખાઈ લે છે પણ ફરી પાછું આળસ ખંખેરીને જાગી ઊઠે છે. આપણે એને ભૂલી જઈએ પણ એ આપણને થોડું ભૂલશે ? ખાનદાન પ્રેમી જેવું જીવડું છે એ. એને ભારત અને એમાંયે ગુજરાતનું આતિથ્ય અણગમવું થોડું જ ગમે ? વડાપ્રધાને વંથલીમાં ઉમિયાધામના મહોત્સવને વર્ચ્યુઅલ સંબોધતાં કોરોનાથી સાવધ રહેવાની તાકીદ કરી છે. એકસો પંચાસી કરોડ 'ટીકાકરણ' જેવો વિશ્વવિક્રમ નોંધાવ્યા પછી કોરોના શિથિલ જરૂર પડ્યું હશે પણ સદંતર ગયું નથી. એવું એમને કબૂલ્યું છે. હવે તો કોરોનાનું પણ ભારતીયકરણ થઈ ગયું છે. જેમ બહારથી આવેલી પ્રજાઓ કાળક્રમે ભારતની સંસ્કૃતિ અને જીવનશૈલી અપનાવીને દેશની મૂળ પ્રજા સાથે સેટ થઈ ગઈ હતી એમ બહારની દુનિયામાંથી આવેલ આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાત પણ રૂપ બદલીને ભારતીય બની જાય તો એમાં શી નવાઈ ? આખરે આ રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર અને ગાંધીની ભોમકા છે. અહીં તો 'સ્વીકાર સૌ કોઈનો, નકાર કોઈને નહીં!' જેવો ઉદાર અભિગમ પ્રવર્તે છે. આવા સંજોગોમાં કોરોના સાથે અનુકૂલન સાધીને જીવતાં શીખવું જ રહ્યું. હમણાં હમણાં જાણે કોરોના કદી આવ્યું જ નહોતું એવા વિસ્મરણપૂર્વક ભવ્યાતિભવ્ય મહોત્સવો અને લગ્નોત્સવો ઉજવાતા થયા છે. લોકોએ માસ્ક કચરાટોપલીમાં પધરાવી દીધા છે. પોલીસની કમાણી પણ બંધ થઈ ગઈ છે. ત્યાં ઓચિંતુ પાટનગર ગાંધીનગરના પાદરમાં આવેલી ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં કોરોનાએ આશ્ચર્યજનક એન્ટ્રી કરીને બધાને ચોંકાવી દીધા છે. એક સાથે અનેક 'પોઝિટીવ' થઈ ગયા છે. એક વિદ્યાર્થીને તો એપોલો હોસ્પિટલમાં દાખલ પણ કરવો પડ્યો છે. કોરોનાનો ચોથો રાઉન્ડ શરૂ થઈ ગયો કે શું ? કે પછી આ સરહદ પર પાકિસ્તાન દ્વારા થતા રહેલા છમકલા જેવું છમકલું છે ? કોરોનાએ એની સૌથી વધારે તાકાત તો બીજા રાઉન્ડમાં જ બતાવી દીધી હતી જયારે સરકારે અને સમાજ ઘૂંટણિયે પડી ગયાં હતાં. સ્મશાનો લાશોથી ઊભરાયાં હતાં. વેન્ટિલેટર અને ઓક્સિજનના બાટલા ખૂટી ગયા હતા. હોસ્પિટલોમાં બેડ ખૂટી ગયા હતા. બધાએ હાથ અદ્ધર કરી દીધા હતા. સ્વજનને છેલ્લી વિદાય આપવાની પણ મંજૂરી સરકારી તંત્રે આપી નહોતી. શું એનું પુનરાવર્તન થવાની સંભાવના નામશેષ થઈ ગઈ છે? શું પ્રજામાં એવી 'હર્ડ ઈમ્યુનિટી' વિકસી ચૂકી છે કે તે કોરોના કાળા કેર સામે ફક્ત શરદી - સળેખમ જેમ નાક નસીકોને સાજી થઈ શકે ? સરકારે હવે બુસ્ટર ડૉઝ ખાનગી રાહે, પૈસા ખરચીને લઈ લેવાનો વિકલ્પ પણ ખુલ્લો રાખ્યો છે. લોકોને જીવવું તો છે : પણ આખી જિંદગી મોઢે નકાબ બાંધીને અને વારંવાર હાથ ધોતા રહીને તથા એકમેકથી છ ફૂટનું અંતર જાળવીને જીવવાનું એને નહીં પોસાય. કોરોના બહુરુપીની જેમ સ્વરુપો બદલતું રહેશે. ફાર્મા કંપનીઓ રિસર્ચ કરાવતી રહેશે. રસીઓ શોધાતી રહેસે. બધો ભાર કન્યાની કેડ્યો ઉપર જ છે !

તંત્રીસ્થાનેથી...

પરીવારે પ્રહલાદજી શેઠના સત્કર્મો - સદગુણોની જ્યોતને સતત પ્રજવલિત રાખી છે

એ પરિવારના મોભી હતા, સમાજના મહાજન હતા, સ્વાતંત્ર્ય સેનાની હતા, કુશળ વ્યાપારી અને સાહસિક ઉદ્યોગપતિ હતા, રાષ્ટ્રપ્રેમી અને સમાજ સુધારક હતા, સમયને બદલનારા અને ડગલેને પગલે માણસાઈથી ભર્યુંભર્યું જીવન જીવનારા માણસ હતા.

એક જીંદગીમાં દસ જીંદગી જેટલું કરી જનારા એ વ્યક્તિત્વનું નામ એટલે શ્રી પ્રહલાદભાઈ પટેલ જેમણે સમાજ શેઠ શ્રી પ્રહલાધભાઈના નામે ઓળખે છે. હમણાં એમની ૧૧૫મી જન્મજયંતિ અળસરે બહુચરાજીમા યોજાયેલા કાર્યક્રમમાં સંચાલક તરીકે જવાનું થયું. ત્યારે એમના સદ્‌ગુણોની વાતો સાંભળી અને એમના બહુ આયામી વ્યક્તિત્વમાંથી પ્રેરણા મળી.

જાણીતા પત્રકાર - લેખક - વક્તા શ્રી રમેશ તન્નાએ એમના જીવનનું પુસ્તક તૈયાર કર્યું, જેનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. આ પુસ્તકમાં રિસર્ચ અને મુલાકાતના આધારે રમેશભાઈએ સરસ રીતે પ્રહલાદજી શેઠના જીવન પ્રસંગો લખ્યા છે.

એમનું મૂળ ગામ હતું ધુમા, એમના વડવાઓ ૨૬૦ વર્ષ પહેલા ધુમાથી માંડલ તાલુકામાં સીતાપુરમાં આવી વસ્યા. પ્રહલાદભાઈનો જન્મ ૧૯૦૭ના રોજ, પિતા હરગોવનદાસ અને માતા ઈચ્છાબાએ એમનામાં સંસ્કાર અને સાહસનું ઘડતર કર્યું. પ્રહલાદભાઈ ૧૭ વર્ષની ઉંમરે પિતાની સાથે લાકડાના ધંધામાં જોડાયા ને પછીથી 'પ્રહલાદજી શેઠની લાતી' સુધીની અપ્રતિમ સફળતા હાંસલ કરી. એમના માટે લાતી એ માત્ર વ્યાપાર ન હતો, સામાજિક દાયિત્વ પણ હતું.

આઝાદીની લડત દરમિયાન ૧૯૩૦-૩૨ અને ૧૯૪૨ એમ બે વાર તેઓએ સાબરમતી અને યરવાડામાં જેલવાસ ભોગવ્યો હતો. તેઓ જેલમાં હતા ત્યારે તેમના પિતાજીનું અવસાન થયું, બ્રિટીશ સરકારે શરતો સાથે તેમને પેરોલ પર છોડવાની તૈયારી બતાવી, માફીનામુ લખવા કહેવાયું, પિતાના એકના એક પુત્ર હોવા છતાં તેઓ અડગ રહ્યા ને કહ્યું કે સ્વતંત્રતા માટે લડવું એ ગુનો નથી, મારા બદલે મારા પિતરાઈભાઈ પિતાના અગ્નિસંસ્કાર કરશે, ને એમ જ થયું હતું.

ભુદાન યજ્ઞમાં તેઓ વિનોબાજીના સમર્થક હતા. એકવાર ભુદાન યજ્ઞની સભામાં હતા, જે તે સમયે એમની પાસેથી ૫૦૦ વીઘા જેટલી જમીનમાંથી ૨૦૦ વીઘા ભૂદાનમાં આપીને આવ્યા. માતાએ પુછ્યું કે 'ઘરમાં પુછવું તો હતું ? તેની કિંમત ખબર છે? તો કહે' સારું ને સાચું કામ કરવામાં પુછવાનું શું ? કિંમત મને ખબર નથી પણ જો મેં જમીન આપી ના હોત તો મારી કિંમત શૂન્ય થઈ જાત એની મને ખબર છે.'

અજવાળું - અજવાળું
તુષાર જોશી

૧૯૮૪માં એમને સ્ટ્રોક આવ્યો હતો. પીઠમાં દુઃખતું હતું.એમનો પૌત્ર પિયુષભાઈ પટેલ કહે છે કે મેં જોયું તો પીઠમાં ઘણાં ચાઠાં હતા, વાસ્તવમાં એ સ્વતંત્રતાની લડતના મારના ચિન્હો હતા, પરંતુ દાદા કહે કે આ તો અંગ્રેજ સરકારે મને આપેલો સુવર્ણ ચંદ્રક છે.

સ્વયાંત્ર્ય સેનાની તરીકે મળતું પેન્શન પણ તેઓએ લીધું ન હતું. તેઓ માનતા હતા કે સ્વતંત્રતાની લડતમાં જોડાયા તેની મૂળમાં દેશપ્રેમ હતો, તેનું વળતર નો લેવાય.

સરદાર પટેલે રાજયો અને રજવાડાના વિલિનીકરણનું કામ હાથ ધર્યું ત્યારે દસાડા, વણોદ અને જૈનાબાદ જેવા રજવાડાંને ભારત દેશમાં જોડાવામાં તેઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. ૧૯૬૨માં થયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ચાણસ્મા (બેચરાજી) વિસ્તારના ધારાસભ્ય બન્યા હતા. બેચરાજી પંથકમાં વિકાસનું તેમનું પાયાનું યોગદા રહ્યું છે.

એમની જીપ અને ડ્રાઈવર લોકોની મેડિકલ ઈમરજન્સી માટે હંમેશા તૈયાર જ હોય એમ તેઓએ એ જમાનામાં જાણે ૧૦૮નો પ્રારંભ કર્યો હતો. આજથી ૬૦ વર્ષ પહેલા તેઓએ પ્રાકૃતિક ખેતી કરી હતી.

પ્રહલાદજી શેઠના બંને દીકરા સ્વ. શ્રી અરવિંદભાઈ અને સ્વ. શ્રી ભગુભાઈ પછી એમના પૌત્રો ગિરીશભાઈ, અનિલભાઈ, પિયુષભાઈ, જયદીપભાઈ, દેવાંગભાઈ અને તે પછી તેમના પ્રપૌત્રો મૌર્યભાઈ, પ્રિયેનભાઈ અને સમગ્ર પરિવારે પ્રહલાદજી શેઠના સત્કર્મો - સદગુણોની જ્યોતને સતત પ્રજવલિત રાખી છે. અને એ રીતે એમના વ્યક્તિત્વના અજવાળા રેલાતા રહે છે જે સહુના માટે પ્રેરણાના પથદર્શક બની રહ્યા છે.

લાગે છે આપણે આપણી જૂની રમતોનું એક પુસ્તક છપાવવું પડશે

વાર્ષિક પરીક્ષાઓનો દોર ચાલુ થઈ રહ્યો છે અને ત્યાર પછી વિદ્યાર્થીઓને ખાસુ દોઢેક મહિનાનું વેકેશન પડશે. બે ધારાવાહિક વચ્ચે જાહેરાતનો બ્રેક આવે તેમ બે ધોરણ વચ્ચે નાનકડો અંતરાલ વિદ્યાર્થીઓને મળશે. ફરી પાછા આવનારા વર્ષ માટે ફેફસામાં શ્વાસ ભરવાનો સમય મળશે. જેથી આખું વર્ષ આ ચૂહા દોડમાં દોડતા ફાવે.

અત્યારે યાદ આવે છે એક વખત એવો હતો કે વેકેશન પડવાનું હોય ત્યારના અમારા આયોજનો કેવા હતા ! વેકેશન પડે કે તરત દાદા દાદીના ઘરે જવાનું હોય કાકાના મામાના દીકરા દીકરીઓ એટલે કે પિતરાઈઓ સાથે વેકેશનમાં નવો વેપાર, પત્તા, ઈષ્ટો વગેરે બપોરના સમયે તડકો હોય ત્યારે ઘરમાં બેસીને રમતા હતા તે યાદ આવે છે. જ્યારે સવારના સમયે ક્રિકેટ, ગિલ્લી દંડો રમતા હતા. સાંજે વળી દોડ-પકડ નાગોલચુ, એવી ઘણી રમતો રમતા. વેકેશનના દરેક સોનેરી દિવસોનું આ સમય પત્રક હતું. વળી પાછી શાળાઓ ખુલવાની હોય એ પછીના અઠવાડિયા સુધી કોઈ સ્કૂલે જતું નહીં. ''અરે શરૂઆતમાં તો કોઈ ભણાવતું થોડું હશે?'' એવું કહીને અમારા દાદીમા જ અમારી માટે શાળાએ ન જવાની સુગમતા કરી આપતા.

જ્યારે આજે વેકેશન પડ્યું ન હોય ત્યાં જ બાળક શું કરશે તેનું આયોજન બાળક નથી કરતો. તેના માતા-પિતા નક્કી કરી નાખે છે. સંતાનને કયા કેમ્પમાં જવાનું છે તે નક્કી થઈ ગયું હોય. સવારે સવારે સ્વિમિંગમાં બપોરે ડ્રોઈંગમાં સાંજે સ્કેટિંગમાં અને વધેલા સમયમાં મૃત્ય અને સંગીતના વર્ગો ભરવાના હોય તે તો ખરા જ અને થાય છે પણ એવું જ રજાઓ શરુ થાય કે તરત મીત નવા hobby classes અને સમર કેમ્પ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે છે પોતાના સંતાનનું મંતવ્ય શું છે તે વેકેશન દરમિયાન શું કરવા માંગે છે તેની કોઈ ગણતરી જ નહીં એમાં વળી તેને શું ખબર પડે એ તો છોકરું છે અમે તો તેના ભલા માટે જ કરતા હોઈએ ને આવા કેમ્પ અને ક્લાસ થી ફાયદા અને ગેરફાયદા બંને છે વિભક્ત કુટુંબમાં માતા અને પિતા બંને નોકરી કરતાં હોય દાદા-દાદીની ઘરમાં ગેરહાજરી હોય જેવું વાર્તા કહે બાળકો સાથે રમે કરીને સુવડાવે આવું વાતાવરણ ન મળતાં બાળક શૂન્યાવકાશ અનુભવે છે અને આથી માતા-પિતા એમ સમજે છે કે આવા કોઈ ક્લાસ કે કેમ્પમાં મોકલવાથી તમને ચેન્જ મળશે આનંદ મળશે પણ જે મજા દાદીના ખોળામાં સૂઈને વાર્તા સાંભળવામાં છે એવી મજા મનાલીની વાદી જોવામાં બાળકને નથી આવતી અને આના કારણે સંતાનની ધીરે ધીરે સ્વજનો પ્રત્યેની આત્મીયતા ઓછી થવા લાગે છે શાળાના ક્લાસ અને કેમ્પ કમ્પ્યુટર ટીવીમાં માતા-પિતા જ તેણે લખેલી છે અને એટલી બાળ સહજ નિર્દોષતા નાખું સ્વયમ માતા-પિતા જ છે અહીં કશું જ નિર્દોષ નથી તમામ શાળાઓ બંધ કરી દેવાનું મન થાય તેવી શિક્ષણ પદ્ધતિ થઈ ગઈ છે સ્કૂલમાંથી સંતાનો પાછા વળે ત્યારે કહે કે હાથ છુટ્યા એવી માનસિકતા સાથે પાછા આવે છે આવીને જે રીતે લોકો દફતર ફંગોળે છે તેમના વર્તન પરથી તમને ખ્યાલ આવે કે તેમની માનસિક તાણ કેવી હશે નિરાંત શબ્દ એમના શબ્દકોશમાં નથી તેઓ સમયપત્રકના ગુલામ થઈ ગયા છે નાસ્તો કરે છે પણ માનતા નથી મોઢામાં કોળિયો મૂકે છે પણ વિચાર કરતા હોય છે સ્કૂલમાં છૂટીને ઘરે આવ્યા પછી પણ પાછળ પાછળ શાળા પડછાયાની જેમ ઘરકામ રૂપે આવતી જ રહે છે અને બાળક નર્યું રોબોટ બની જાય છે આંધળો પાટો પકડદાવ જેવી મેદાનની રમતો રમીને શરમ નહીં કરવાનો પણ કમ્પ્યુટર પર ગેમ્સ રમવામાં રમણ બનતા બાળકો મશીન બની ગયા છે અને આ સમયે મીનાક્ષી પંડિત નું કાવ્ય ટાંકવાનું મન થાય છે.

વિચારયાત્રા
ડો. જય ઓઝા

સ્કૂલમાં મારા દીકરા દીકરી આવીને જે રીતે દફતર ફંગોળે છે
એ જોઈને હું દંગ રહી જાઉં છું
હું પરાણે એમને બહાર રમવા જવાનું કહું છું
તો તેઓ મારા પર વરસી પડે છે અમારું લેશન પૂરું કરી લેવા દો
નહીં તો અમને ડબ્લ્યુડબ્લ્યુએફ જોવા નહીં મળે
હું એમને બહાર જઈને આંધળો પાટો પકડદાવ કબડી રમવા કહું છું
તો એમના ચહેરા પર મસમોટું પ્રશ્નાર્થ ચિન્હ જોવા મળે છે
મમ્મી આ બધું શું બાકી રહી છે
લાગે છે આપણે આપણી જૂની રમતો નું એક પુસ્તક છપાવવું પડશે
અથવા તેની સીડી તૈયાર કરાવી પડશે
બાળકો કદાચ કમ્પ્યૂટર સામે બેસી રમતો શીખી શકે તો...

આવી ભયાવહ સ્થિતિમાં એક આશાનું કિરણ હોય તો એ છે કે હજી સુધી આપણી સંસ્કૃતિ જીવંત છે. અને દાદા-દાદીનું સ્થાન અવિચલ છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

ઘરથી દૂર જાવ ત્યારે માની અને નોકરીએ જાવ ત્યારે બાપની ખરી કિંમત સમજાય

એકવાર કોઈએ મહાવીર ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે 'પ્રેમને કેમ આંધળો કહેવામાં આવે છે ?લ્લ ત્યારે મહાવીર ભગવાને પ્રેમના અંધાપા ઉપર સરસ પ્રકાશ પાડ્યો હતો. એમણે કહ્યું કે, 'પ્રેમ આંધળો એટલે કહેવાય છે કે, મા તમને જોયા વગર અનહદ પ્રેમ કરવાની શરૂઆત કરી દેતી હોય છે.' પ્રેમનું સૌથી નિર્મળ અને નિર્ભેળ કોઈ સત્ય હોય તો એ માતા-પિતાનો પ્રેમ છે. મા-બાપ ભલે એક ચોપડી ભણ્યા ન હોય તો પણ સંસ્કાર અને શિક્ષણ આપવાની એમના જેવી ક્ષમતા જગતની કોઈ શાળા કે શિક્ષકમાં નથી.

દીકરાને નોકરી-ધંધા ઉપરથી આવતા વાર થાય અને ઘરનો દરવાજો ખોલતા જ બાપના શબ્દો હોય કે, 'બેટા, આજે બહુ મોડું થઈ ગયું નહીં ?લ્લ બસ, આટલા શબ્દોમાં બાપનો કરોડો રૂપિયાનો પ્રેમ છે. કહેવાય છે ને કે, વ્યક્તિ ઘરથી દૂર જાય ત્યારે માની કિંમત સમજાય અને નોકરીએ જાય ત્યારે બાપની કિંમત સમજાય. સો વાતની એક વાત સમજી લેવી જોઈએ છે કે, આપણા નાઝોનખરા મા-બાપ હસતા મોંએ ઉઠાવે બાકી જગત આખુ તો આંગળી ઉઠાવવા તૈયાર બેઠું હોય છે. સંસ્કારનો મીઠો મોલ તો પારિવારિક માહોલમાંથી જ મહોરતો હોય છે. પરિશ્રમના પ્રસ્વેદની સુગંધ બાપના શિક્ષણથી પ્રસરે અને સંસ્કારની સોડમ માતાના શિક્ષણથી ફેલાય. માતા હંમેશા એમ જ વિચારતી હોય કે, મારો દીકરો આજે ભૂખ્યો ન રહે, એને ભાવતું ભોજન મળે અને બાપ સદાય એમ વિચારે કે મારો દીકરો કાલે ભૂખ્યો ન સૂવે. એટલે જ મા-બાપના બે સંબંધોને ઈશ્વરતુલ્ય ગણવામાં આવતા હશે.

વર્લ્ડ બાસ્કેટ બોલ ચેમ્પિયન માઈકલ જોર્ડને એનો સૂરજ મધ્યાહને હતો ત્યારે એક ઈન્ટર્વ્યૂમાં કહ્યું હતું કે, 'મારા જીવનની સફળતાનો તમામ શ્રેય હું મારા પેરેન્ટસને આપું છું. મારા માતા-પિતા મારા 'રીયલ હીરોઝલ્લ છે. હું એમના સ્થાને બીજા કોઈને કલ્પનામાં પણ ન વિચારી શકું.લ્લ આ માઈકલ જોર્ડન એટલે વિશ્વનો સૌથી પહેલો અબજોપતિ એથલીટ. ફોર્ડ રેટીંગ અનુસાર વર્ષ ૨૦૨૦માં એની નેટવર્થ ૨.૧ બીલીયન અમેરિકન ડોલર્સ હતી. જેમ સચિનને ક્રિકેટીંગ ગોડ કહે છે એમ માઈકલ વર્લ્ડ બેસ્ટ બાસ્કેટ બોલ સુપર પ્લેયર કહેવાય છે. આનાથી પણ વધુ માઈકલ જોર્ડન કલ્ચરલ આઈકોન તરીકે જગતભરમાં ઓળખાય છે. વિશ્વના કોઈપણ ખૂણે બાસ્કેટ બોલ રમત વિશે ન જાણનારા પણ માઈકલ જોર્ડનના નામથી તો પરિચીત હોય જ. માઈકલના જીવનના બે પ્રસંગો ઉપરથી માતા-પિતા વિશેના એના આ વિચારોને પુષ્ટી આપવા જેવી જરૂર લાગે. પહેલો પ્રસંગ છે એના બાળપણમાં પિતાએ આપેલા બોધપાઠનો. માઈકલ લગભગ ૧૩ વર્ષનો હશે ત્યારે એના પિતાએ એને પાસે બોલાવીને એક જુનું ગંદુ ટીશર્ટ આપીને કહ્યું, 'બેટા, આ ટીશર્ટની તને કેટલી કિંમત લાગે છે ? માઈકલે કહ્યું, 'એકાદ ડોલર લાગે છે.લ્લ પિતાએ કહ્યું, 'આ તું બે ડોલરમાં વેચી આવ.'

માઈકલે ગંદુ ટીશર્ટ બરાબર સાફ કરી સરસ ગડીવાળીને બીજા દિવસે રેલવે સ્ટેશને જઈને ત્રણ ચાર કલાક મહેનત કરી. બે ડોલરમાં એ ટીશર્ટ વેચીને પિતાને બે ડોલર આપ્યા. પિતાને સંતોષ થયો. દસ પંદર દિવસ પછી પિતાએ ફરી માઈકલને બોલાવી એ જ રીતે જુનું બીજું ટીશર્ટ આપી ૨૦ ડોલરમાં વેચવા કહ્યું. માઈકલ વિચારમાં પડી ગયો આ જુનું ટીશર્ટ ૨૦ ડોલરમાં કોણ લે ? પણ એણે ટીશર્ટ લઈને એને બરાબર ધોઈ સાફ કર્યું. બીજા દિવસે મિત્ર સાથે શહેરમાં જઈને એની ઉપર મીકી માઉસનું સ્ટીકર લગાવી સરસ રીતે ગડી કરીને અમીર બાળકોની શાળા પાસે એ વેચવા ઊભો રહ્યો. એક અમીર બાળકે એના પિતા પાસે માઈકલના હાથમાં હતું એ મિકી માઉસના સ્ટિકરવાળુ ટીશર્ટ ખરીદવા જીદ કરી. પિતાએ એ ટીશર્ટ ખરીદ્યું અને ઉપરથી પાંચ ડોલર માઈકલને ટીપ પણ આપી. માઈકલે પિતાને વાત કરી એટલે પિતા રાજી થયા.

આ જ પ્રમાણે એકાદ સપ્તાહ પછી પિતાએ ફરી જુનું એક ટીશર્ટ આપી ૨૦૦ ડોલરમાં વેચવા કહ્યું. આ વખતે માઈકલને આ વાત જરા વધારે પડતી લાગી. પણ એણે આ ટીશર્ટ લઈ પિતાએ આપેલી કિંમતે એ વેચવાનો નિર્ધાર કર્યો. એ શહેરમાં ગયો. શહેરમાં એ જમાનાની એક મશહુર એત્રિનેત્રીનો એક જાહેર કાર્યક્રમ હતો. માઈકલ ત્યાં પહોંચી ગયો. ગમે તેમ કરીને અભિનેત્રીનો સંપર્ક કર્યો. ટીશર્ટ ઉપર એણે એ મશહુર એત્રિનેત્રીનો ઓટો ગ્રાફ લીધો. પછી એ ટીશર્ટ લઈને બજારમાં વેચવા ઊભો રહ્યો. લોકો મશહુર એત્રિનેત્રીની સહીવાળુ ટીશર્ટ ખરીદવા પડાપડી કરવા લાગ્યા. ટીશર્ટની રીતસર બોલી લાગવા લાગી. છેલ્લે એ ૨૦૦૦ ડોલરમાં ટીશર્ટ વેચાયું. એણે આ વાત જ્યારે પિતાને કરી ત્યારે પિતાએ કહ્યું, 'માઈકલ, હવે મને વિશ્વાસ છે કે, તું જે વિચારીશ એ કરી શકીશ. તું બહુ આગળ વધીશ.લ્લ આ હતુ પિતાનું બાળકના ભાવિ ઘડતર માટેનું પ્રેક્ટિકલ શિક્ષણ.

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બીજો પ્રસંગ જ્યારે માઈકલને શાળાની બાસ્કેટ બોલ ટીમમાં સારું રમતો હોવા છતાં ઉંચાઈ ઓછી હોવાના કારણે પસંદ કરવામાં ન આવ્યો એનો છે. જ્યારે શાળાની ટીમના મુખ્ય સિલેક્ટર અને કોચે શાળાની ફાઈનલ બાસ્કેટ બોલ ટીમની જાહેરાત કરી એમાં માઈકલનો સમાવેશ ન કર્યો. ફાઈનલ ટીમમાં નામ ન સામેલ થતાં એ બહુ ખિન્ન થઈ ગયો. એના રૂમમાં ભરાઈને માઈકલ ખૂબ રડતો હતો ત્યારે એની મમ્મીએ રૂમમાં આવીને કહ્યું, 'જો બેટા, તને લાગતું હોય કે તું ખરેખર સારું રમે છે તો પસંદગી કરવાવાળા કોચને તું ખોટો સાબિત કરવા મહેનત કર. વધુ મહેનત કરીને તું બતાવી આપ કે, તારી પસંદગી ન કરીને એમનાથી મોટી ભુલ થઈ ગઈ છે.'

મમ્મીના આ શબ્દોની માઈકલના મન-હદય ઉપર જબરજસ્ત મેગ્નેટિક અસર થઈ. એનામાં નવી ઊર્જાનો સંચાર થયો. લગનથી એ મહેનત કરવા લાગ્યો. બીજા વર્ષે માઈકલનો શાળાની ટીમમાં સમાવેશ થયો. જોત જોતામાં તો માઈકલ શાળાનો સ્ટાર પ્લેયર બની ગયો. આ હતી માતાના શિક્ષણની સુવાસની વાત.

જે માતા-પિતા સાથે મળીને બાળકને સંસ્કાર અને શિક્ષણના પદાર્થપાઠ આપી પ્રોત્સાહિત કરતા હોય છે ત્યારે એવા પ્રત્યેક બાળક માઈકલ જોર્ડન બની શકે છે. ઘણીવાર એવું પણ લાગે કે, આ કદાચ છેલ્લી એવી પેઠી હશે કે જેની પાસે સાદા, સરળ અને ભોળા મા-બાપ હશે કે જેમના કોઈ સોશિયલ મીડિયા એકાઉન્ટ નથી, જેમને સેલ્ફી લેવાનો કોઈ ક્રેઝ નથી, કદાચ પોતાની જન્મતારીખ પણ યાદ નથી કે પછી કોઈ ફરિયાદ નથી. જે વ્યક્તિ એમ માને કે માતા હમદર્દ છે અને પિતા હમસફર છે ત્યારે એની જિંદગી સદાય ખુશીઓનો પૈગામ લઈને આવતી હોય છે.

મધર્સ ડે અને ફાધર્સ ડેની ઉજવણી ન થાય તો બિલકુલ ચાલશે, માતા-પિતાને પગે નહીં લગાય તો પણ બરાબર છે પરંતુ હૃદયપૂર્વ એમને આદર-સત્કાર અને પ્રેમ આપવામાં આવે તો તે ચરણસ્પર્શથી પણ વધારે છે. માતા-પિતાનુ ભણતર નહીં હોય કે ઓછું હશે પણ સમજશક્તિ અને દુનિયાદારીનો અનુભવ ઘણો વધુ અને મજબુત હશે. મંત્રી હોય કે સંત્રી, ઓફિસર હોય કે આર્ટીસ્ટ, મેનેજર હોય કે બિઝનેસ માંધાતા માતા-પિતા સામે તો હંમેશા બાળક જ છે અને રહેવાના. એમનાથી મોટા થવાની મુર્ખતા કરતા એમના પ્યારા થવાની સજ્જતામાં શાણપણ છે.

ઘબકાર :

ઘરમાં ઘણા રૂમ હોઈ શકે પણ રોનક તો જે રૂમમાં મા-બાપ બેઠા હોય ત્યાં જ લાગે.

દિન મહિમા

- **આંતરાષ્ટ્રીય માનવ અંતરિક્ષ ઉડ્ડ્યન દિવસ, યુરી ગાગરિન દ્વારા પ્રથમ માનવ અવકાશયાત્રાની આંતરરાષ્ટ્રીય ઉજવણી.**
- **૧૯૫૫ — પોલિયોની રસી, જે ડો.જોનાસ સાક દ્વારા શોધાયેલ, તે રસીને સલામત અને અસરકારક જાહેર કરવામાં આવી.**

આજનું

ઔષધ

- **સાકર અને ધાણા નું ચૂર્ણ પાણી સાથે પીવાથી પેટ ની બળતરા મટે છે**

ખડખડાટ

- **રેસીપી લખવાની